Public Health England

NHS

## લંડનમાં માતાપિતા માટે માહિતી

# ટી.બી. (TB), બી.સીજી. (BCG)ની રસી અને તમારું બાળક



બીજા ઘણા દેશોની જેમ જ, યુ.કે. માં, જે બાળકો ટી.બી. વાળી કોઈ વ્યક્તિના સંપર્કમાં આવે તેવી શક્યતા હોય તેમને બી.સી.જી.(Bacillus Calmette-Guérin)ની રસી આપવામાં આવે છે.

આમાં ટી.બી.નો ઊંચો દર હોય તેવા વિસ્તારમાં રહેતાં બાળકોનો અથવા જેમનાં માતાપિતા કે દાદા-દાદી કે નાના-નાની ટી.બી.નો ઊંચો દર ધરાવતા દેશનાં વતની હોય તેવાં બાળકોનો સમાવેશ થાય છે.

**immunisation**

the safest way to protect your child

2016થી લંડનમાં ઘણાં મેટરનિટી વોર્ડ્સમાં તમામ શિશુઓને બી.સી.જી. આપવામાં આવે છે, કારણ કે દેશના બીજા ભાગો કરતાં અહીં ટી.બી.નો દર વધારે ઊંચો હતો. પરંતુ, છેલ્લાં 8 વર્ષથી લંડનમાં ટી.બી. ધરાવતાં લોકોની સંખ્યામાં દર વર્ષે ઘટાડો થયો છે.

એટલા માટે, સપ્ટેમ્બર 2020થી લંડનમાં દરેક બાળકને બી.સી.જી. મળશે નહિ. ટી.બી.નો ઊંચો દર ધરાવતા વિસ્તારમાં રહેતાં બાળકોને અથવા જેમનાં માતાપિતા કે દાદા-દાદી કે નાના-નાની ટી.બી.નો ઊંચો દર ધરાવતા દેશનાં વતની હોય તેવાં બાળકોને બી.સી.જી.ની રસી આપવાનું ચાલુ રાખવામાં આવશે. બી.સી.જી.ની રસી કમ્યુનિટી ક્લિનિકોમાં આપવામાં આવશે.

**સપ્ટેમ્બર 2020થી જો તમે નીચેનામાંથી કોઈ પણ પ્રશ્નનો જવાબ 'હા'માં આપશો, તો તમારા મિડવાઈફ, હેલ્થ વિઝિટર અથવા જી.પી. તમારા બાળકને કમ્યુનિટી બી.સી.જી. વેક્સિનેશન ક્લિનિકમાં રીફર કરશે:**

- શું તમારું બાળક, બાળકની માતા, પિતા અથવા દાદા-દાદી કે નાના-નાની અથવા તમારી સાથે રહેતી બીજી કોઈ પણ વ્યક્તિ જ્યાં ટી.બી.*નો ઊંચો દર હોય તેવા દેશમાંથી આવે છે?
- શું તમે અને તમારું બાળક આમાંથી  કોઈ દેશમાંથી આવતાં મિત્રો અને કુટુંબીજનોની સાથે રહેવા જશો?
- તમારી સાથે રહેતી કોઈ વ્યક્તિ અથવા તમારા બાળક સાથે ઘણો વધારે સમય વીતાવતી હોય તેવી કોઈ વ્યક્તિને હાલમાં કે ભૂતકાળમાં ટી.બી. થયેલો છે?
- તમે લંડન બરો ઓફ ન્યૂહૅમમાં રહો છો?



* www.gov.uk/government/publications/tuberculosis-tb-by-country-rates-per-100000-people

© Crown copyright 2020. પ્રોડક્ટ કોડ: 2020103B. પબ્લિક હેલ્થ ઈંગ્લેન્ડ ગેટવે નંબર: 2020103. આવૃત્તિ 1. 27-07-2020. આ પોસ્ટરની નકલો ઉપર જણાવેલ પ્રોડક્ટ કોડનો ઉપયોગ કરીને HealthPublications.gov.uk પરથી મેળવી શકાય છે.